# તાલુકા વિકાસ આયોજન,વિલેજ પ્રોફાઇલ,તાલુકા પ્રોફાઇલ, GIS (મેપીંગ)ના ઉપયોગથી ગેપ એનાલીસીસ અને આયોજન,SWOT એનાલીસીસ

## આયોજન

વિકેન્દ્રીત જિલ્લા આયોજનનાં ભાગરૂપે રાજય સરકાર ધ્વારા સને ૨૦૧૦-૧૧ થી તાલુકા કેન્દ્રીત અભિગમ અપનાવી આયોજન કરવામાં આવેલ છે. તાલુકાને વિકાસનો એકમ ગણી વિકાસના વિવિધ કામોનું આયોજન તાલુકા ધ્વારા થાય તે પણ નકકી કરવામાં આવેલ છે.

એટીવીટી દ્વારા તાલુકાસ્તરે વિકાસનું નવુ પરિમાણ ઉમેરાયું છે. પ્રાંત અધિકારીના નેતૃત્વ હેઠળ વિકાસ કામોમાં તાલુકાની પોતાની જરૂરિયાતોને તારવીને આયોજન કરવાનું છે. આ માટે સર્વપ્રથમ તો વીલેજ પ્રોફાઈલ અને તાલુકા પ્રોફાઈલ કે જે, www.gujhd.gujarat.gov.in વેબ સાઈટ ઉપર ઉપલબ્ધ છે, તેનો ઉપયોગ કરવાનો છે.રાજ્યના ગ્રામ એકમમાં ઉપલબ્ધ સંપદાની મોજણી કરીને આ ડેટાબેઝ બનાવાયો છે. જેમાં ગ્રામકક્ષાએ ઉપલબ્ધ સર્વ અસ્કયામતોની વિગત છે,આના લીધે ગામોમાં શું ઉપલબ્ધ છે અને શું ખુટે છે, તેની ક્ષમતા શોધ સરળ બને છે, જેના આધારે તાલુકાનું “ **SWOT Analysis** ” કરીને તાલુકાની થીમ નકકી કરવાની છે.તાલુકા થીમ એટલે જે-તે તાલુકાની લાક્ષણિકતા- જે-તે તાલુકાનો વિકાસ પથ, આમ પોતાની શક્તિઓને પીછાણીને તેનાબળે વિકાસનું ધ્યેય એટલે તાલુકાથીમ. આમ, તાલુકા કક્ષાએ ઉપલબ્ધ તમામ પ્રકારની ગ્રાન્ટ / યોજનાઓનો સમાવેશ કરી તાલુકા થીમ આધારિત વિકાસ આયોજન (ડેવલપમેન્ટ પ્લાન) તૈયાર કરવાનું છે.

## તાલુકા આયોજન

આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અભિગમ અંતર્ગત તાલુકાની સામાજિક, ભૌગોલિક, તથા આર્થિક પરિસ્થિતિ મુજબ જ તેની ક્ષમતા નબળાઈઓ તથા તકો ધ્યાને લઈને સર્વાંગી વિકાસ માટે તાલુકા વિકાસની થીમને આવરી લઈને તાલુકા વિકાસ પ્લાન બનાવવાનુ અને તાલુકા વિકાસના સથવારે રાજયના વિકાસના સુઆયોજનનો પથ નિશ્ચિત કરવાનો છે. સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ) ધ્વારા રાજયના તમામ ગામોની વિલેજ પ્રોફાઈલ માહિતી ઉપલબ્ધ છે જેમાં ગામમાં વિવિધ ૩૪ સુવિધાઓ માટે ૩૦૪ પ્રકારની વિગતો ઉપલબ્ધ છે. આ ૩૪ સુવિધાઓ મુખ્યત્વે નીચે મુજબ છે.

વસ્તી વિષયક માહિતી, સાક્ષરતાદર ની વિગતો,બી.પી.એલ કુટુંબની વિગત, કામ કરનારાનુ વર્ગીકરણ, કુલ ધરોની સંખ્યા, જમીન વિષયક માહિતી, શિક્ષણ, પીવાના પાણીની સવલત, સેનીટેશન, આરોગ્ય વિગેરે.

આ વિલેજ પ્રોફાઈલનો ઉપયોગ કરી તાલુકાની ખૂટતી કડીઓ નકકી કરી તેમજ તાલુકાની ભૌગોલિક, આર્થિક, સામાજિક પરિસ્થિતિ મુજબ તેની ક્ષમતા, નબળાઈઓ તથા તકો ધ્યાને લઈ તાલુકાના સર્વાંગી વિકાસ માટે તાલુકા થીમને આવરી લઈ તાલુકા વિકાસ પ્લાન બનાવવાનો રહેશે.

કલ્સ્ટર અધિકારીઓએ માહિતીને વિલેજ પ્રોફાઈલનું અપડેશન અને વેલિડેશન સમયાંતરે કરાવવાનું રહેશે અને તેનો ઉપયોગ કરવાનો રહેશે. વિલેજ પ્રોફાઈલ અને તાલુકા પ્રોફાઈલ અને ગેપએનાલીસીસનો ઉપયોગ કરી તેમજ બાયસેગ ધ્વારા તૈયાર થનાર ભૌગોલિક માહિતી પધ્ધતિનો ઉપયોગ કરી આયોજન કરવાનું રહેશે.

## તાલુકા વિકાસ પ્લાન :-

વિકાસ આયોજન (ડેવલપમેન્ટ પ્લાન) તૈયાર કરવા માટે પ્રાંત અધિકારીએ તાલુકા ટીમ ના સહયોગમાં નીચેની કાર્યપધ્ધતિ અનુસરવાની છે.

તાલુકા વિકાસ પ્લાન તૈયાર કરવામાં વિલેજ પ્રોફાઈલનો ઉપયોગ કરવાનો રહેશે. તાલુકા વિકાસ પ્લાન તૈયાર થાય તેને અમલીકરણ માટે વિવિધ વિભાગની યોજનાઓનો સમન્વય કરીને તાલુકા વિકાસ પ્લાનમાં નીચેની કામગીરીનો અમલ કરાવવાનો રહેશે.

(૧) સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા કરેલ બજેટ જોગવાઈ મુજબ આપણો તાલુકો, વાયબ્રન્ટ તાલુકો વિકાસ યોજનાની ગ્રાન્ટ
(૨) જિલ્લા આયોજન મંડળ ધ્વારા તાલુકાને ફાળવવામાં આવનાર ગ્રાન્ટ
(૩) માન. સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ
(૪) આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિસ્તાર સમિતિની ગ્રાન્ટ
(૫) ૪૧ વિકાસશીલ તાલુકાઓની ગ્રાન્ટ
(૬) રાષ્ટ્રિય સ્વાંત્ર્ય પર્વ ઉજવણીની ગ્રાન્ટ
(૭) સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજની ગ્રાન્ટ
(૮) વનબંધુ કલ્યાણ યોજના અન્વયેની ગ્રાન્ટ
(૯) જિલ્લા કલેકટરશ્રી,/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને સુધારેલ પુરસ્કાર યોજનાની ગ્રાન્ટ,
(૧૦) ૧૩મા નાણાં પંચની ગ્રાન્ટ
(૧૧) ઉપરોક્ત સિવાય અન્ય વિભાગનો તરફથી તાલુકાને ફાળવવામાં આવનાર ગ્રાન્ટ

ઉપરોકત વિવિધ વિભાગોની યોજનાઓની ગ્રાન્ટોના ઉપયોગનું આયોજન તાલુકા વિકાસ પ્લાનને ધ્યાને લઈને કરવાનો રહેશે.

સંબંધિત વિભાગોની ગ્રાન્ટોનું કામોની મંજૂરી તથા અમલીકરણ સંબંધિત વિભાગો ધ્વારા કરવાનું રહેશે.તેમજ આ સિવાય રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તે પ્રમાણે આયોજન અને અમલીકરણ કરવાનુ રહેશે.

**તાલુકા આયોજન સમિતિ**

સામાન્ય વહીવટ વિભાગ (આયોજન), સચિવાલય, ગાંધીનગરના તા.૫-૨-૧૯૯૧ નાં ઠરાવ ક્રમાંક : જઅમ/૩૧૮૭/૧૭૨૨/ય થી તાલુકા પંચાયતના પ્રમુખશ્રીના અધ્યક્ષ સ્થાને તાલુકા આયોજન સમિતિની રચના કરવામાં આવેલ છે. જેનું માળખું નીચે મુજબ છે.

| | |
|---|---|
| પ્રમુખશ્રી, તાલુકા પંચાયત | અધ્યક્ષ |
| પ્રાંત અધિકારી/નાયબ જિલ્લા વિકાસ અધિકારી | ઉપાધ્યક્ષ |
| તાલુકાના ધારાસભ્ય | સભ્ય |
| તાલુકાના જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ | સભ્ય |
| સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ | સભ્ય |
| મામલતદાર | સભ્ય |
| તાલુકા વિકાસ અધિકારી | સભ્ય સચિવ |

સદરહુ સમિતિમાં પ્રાંત અધિકારી ઉપાધ્યક્ષ તરીકે કામગીરી કરશે.

સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) સચિવાલય, ધ્વારા એપ્રિલ-૨૦૧૧ ની અદ્યતન માર્ગદર્શક યાદીમાં દર્શાવેલ નીચે વિકાસકામો, તાલુકા આયોજન સમિતિએ હાથ ધરવાના છે.

**(૧) ન્યુનતમ જરૂરિયાત કાર્યક્રમ**

૧. ગ્રામ્ય માર્ગો
૨. પ્રાથમિક શિક્ષણ
૩. પ્રાથમિક આરોગ્ય
૪. પાણી પૂરવઠો
૫. ગ્રામ્ય વિજળીકરણ
૬. પોષણ
૭. ગંદા વસવાટોની વાતાવરણલક્ષી સુધારણા

**(૨) અન્ય કાર્યક્રમો**

૧. વનીકરણ
૨. ખેતી વિકાસ
૩. નાની સિંચાઈ

૪. ભુમિ સંરક્ષણ
૫. પશુપાલન
૬. ડેરી વ્યવસાય
૭. સમુહ વિકાસ અને પંચાયતો
૮. સ્થાનિક વિકાસના કામો
૯. ગ્રામ અને નાના ઉધોગો
૧૦.પ્રવાસન
૧૧.સામાન્ય શિક્ષણ
૧૨. તાંત્રિક શિક્ષણ
૧૩. મજૂર અને મજૂર કલ્યાણ
૧૪. મહિલા અને પછાત વર્ગ કલ્યાણ
૧૫. પ્રકીર્ણ

તાલુકા આયોજન સમિતિ દ્વારા વિકાસ કાર્યોના આયોજન સમયે તાલુકાને અનુરૂપ વિશેષ સવલતો / યોજનાઓ જેવી કે આદિજાતિ / સાગરખેડુ, વનબંધુ વિકાસશીલ તાલુકા વિગેરે હેઠળ ઉપલબ્ધ થતી સેવા/ ગ્રાન્ટનો સમાવેશ કરવાનો છે. સંબંધિત ખાસ કાર્યક્રમ માટે સરકારે ખાસ સમિતિની રચના કરી હોય તો તેના પરામર્શમાં આયોજન કરવાનું છે.આ પ્રકારની ખાસ સમિતિઓ/ખાસ કાર્યક્રમોની સંક્ષિપ્ત વિગતો નીચે આપેલ છે.

**તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ.**

આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૩-૦૮-૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક : એસએઆર/૨૦૦૧/ ૩૮૯/ચ થી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્નનું આયોજન તેમજ ફાળવેલ જોગવાઇના અમલીકરણ બાબતે તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવામાં આવેલ છે. જેનું માળખું નીચે મુજબ છે.

| | |
|---|---|
| પ્રાયોજના વહીવટદાર | અધ્યક્ષ |
| તાલુકા ધારાસભ્ય | સભ્ય |
| તાલુકા પંચાયત પ્રમુખ | સભ્ય |
| સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ | સભ્ય |

| | |
|---|---|
| અનુ.જન જાતિના જિલ્લા પંચાયતના સદસ્યો | સભ્ય |
| આદિજતિઓના ઉત્કર્ષ અંગે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાના સરકાર નિયુક્ત બે સભ્યો | સભ્ય |
| કૃષિ, ગ્રામવિકાસ અને ડેરી વિષયોમાં અનુસ્તાક/ ડીપ્લોમા અનુસ્તાક પદવી ધરાવતા સરકાર દ્વારા નિયુક્ત શૈક્ષણિક / સંશોધન સંસ્થાના બે તજજ્ઞો | સભ્ય |
| સરકાર દ્વારા નિયુક્ત તાલુકાની બે મહિલા અગ્રણી | સભ્ય |
| મામલતદાર | સભ્ય |
| તાલુકા વિકાસ અધિકારી | સભ્ય |
| ચીટનીશ / મદદનીશ પ્રાયોજના વહીવટદાર | સભ્ય સચિવ |

**૪૧ વિકાસશીલ તાલુકાઓની રચના**

રાજ્યના સૌથી પછાત / સૌથી વિકાસશીલ તાલુકાના અભ્યાસ માટે રચિત શ્રી વી.આર.એસ. કૌલગી, આઈ.એ.એસ. (નિવૃત્ત) સમિતિના અહેવાલને આધારે સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) ના તા.૨૫-૭-૦૬ ના ઠરાવ ક્રમાંક : વકસ/૧૦૦૬/૪૪૨/ય૧ થી ૩૦ વિકાસશીલ તાલુકાની યાદી તથા તા.૨-૩-૦૯ ના ઠરાવ ક્રમાંક : વકસ/૧૦૨૦૦૯/૨૫૬૦/ય૧ થી બીજા ૧૧ વિકાસ શીલ તાલુકાની યાદી જાહેર કરવામાં આવેલ છે. આ તાલુકાઓના સર્વાંગી વિકાસ માટે હાથ ધરાનાર આયોજન અને કાર્યક્રમોના મોનીટરીંગ માટે માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (આયોજન) ના અધ્યક્ષસ્થાને રાજયકક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે. અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં વિભાગ) અને અગ્ર સચિવશ્રી (આયોજન પ્રભાગ) તેના સભ્ય છે.

તાલુકાના પ્રભારી સચિવશ્રીના માર્ગદર્શન હેઠળ જે તે તાલુકાનો ડેવલપમેન્ટ પ્લાન જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષશ્રી/પ્રભારી મંત્રીશ્રીના પરામર્શમાં તૈયાર કરવાનો રહેશે.

જે માટે જિલ્લાના પ્રભારી સચિવશ્રી, જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી, જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા આયોજન અધિકારીશ્રી, તાલુકા પંચાયતના અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રી સાથે વિચાર વિમર્શ કરવાનો રહેશે.

રૂ.૨.૦૦ કરોડની રકમ જિલ્લા આયોજન અધિકારીશ્રીના હવાલે મૂકવામાં આવશે અને રાજય સરકારની આયોજનના કામો માટેની એપ્રિલ-૨૦૧૧ માં બહાર પાડવામાં આવેલ માર્ગદર્શક યાદી ધ્યાને લઈ  જિલ્લા વિકેન્દ્રીત કાર્યક્રમની કાર્યરીતિ મુજબ અનુદાન ઉપલબ્ધ કરવાનું છે.

**રાષ્ટ્રીય પર્વ ઉજવણી**

રાષ્ટ્રીય પર્વ ઉજવણી માટે રૂા.૨૫.૦૦ લાખના અનુદાનના ઉપયોગ માટે સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) ના તા.૬-૩-૧૦ ના પરિપત્ર ક્રમાંક : રતઉ/ ૧૦૨૦૦૯/યુઓ/૧/ય થી તથા તા.૫-૧-૧૧ ના પરિપત્ર ક્રમાંક : રતઉ/૧૦૨૦૦૯/યુઓ.૧/ય થી સુધારેલ માર્ગદર્શક સુચનાઓ પરિપત્રિત કરવામાં આવી છે જે મુજબઃ

ઓછામાં ઓછા રૂા. ૨ લાખથી ઉપરના વિકાસના કામો,  નગરપાલિકા વિસ્તાર તથા ગ્રામ કક્ષાના કામો, માનવ વિકાસ સુચકાંક (H.D.I.) ના સ્ત્રોતોને ધ્યાનમાં લઈ "નોંધપાત્ર" કામો, સામાન્ય પ્રકારના કામોને બદલે વધુ સારા અને લાંબા ગાળે ફાયદાકારક અને લોકોપયોગી કામો અને રસ્તા, પીવાના પાણી, સેનીટેશન, આરોગ્ય, આંગણવાડી, શાળાઓના કામ  હાથ ધરવાના છે આ તમામ કામોની જિલ્લા આયોજન કચેરી મારફત દરખાસ્ત રજુ થતા તેને કલેક્ટરશ્રીએ માન્યતા આપવાની છે.

**સાગરખેડુ સર્વાંગી વિકાસ પેકેજ**

સાગરકાંઠે રહેતા ગરીબોના કલ્યાણ માટેની ૧૨ મુદ્દાની સર્વાંગી વિકાસની યોજના ઘડાઇ છે. અગિયારમી પંચવર્ષિય યોજના માટે રૂા. ૧૧,૦૦૦ કરોડનું માન.મુખ્યમંત્રીશ્રી સાગરખેડુ સર્વાંગી વિકાસ પેકેજ જાહેર કરવામાં આવેલ છે.

**વનબંધુ કલ્યાણ યોજના**

માન. મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદા કાર્યક્રમ હેઠળ આદિજાતિના સર્વાંગી વિકાસ માટે આવતા પાંચ વર્ષ માટે રૂા. ૧૫૦૦૦ કરોડના પેકેજ સાથે વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરાયેલ છે. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૩-૭-૨૦૦૮ નાં ઠરાવ ક્રમાંક : વકસ-૧૦૨૦૦૭-૬૦૪-પી થી નીચે મુજબનાં ૧૦ મુદદાઓને આવરી લેવામાં આવ્યા છે.

(૧) પાંચ લાખ કુટુંબ માટે ગુણવતાયુકત સ્થાયી રોજગારી.
(૨) ગુણવતાયુકત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પર ભાર.
(૩) આદિજાતિ વિસ્તારોનો વેગવંતો આર્થિક વિકાસ
(૪) સૌને માટે આરોગ્ય
(૫) સૌને માટે ઘર
(૬) સૌને માટેપીવાનું પાણી
(૭) સિંચાઈ
(૮) બારમાસી રસ્તાઓ
(૯) સાર્વત્રિક વિજળીકરણ.
(૧૦) શહેરી વિકાસ

**જિલ્લા કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને પુરસ્કાર આપવાની સુધારેલી યોજના.**

વહીવટમાં ગતિશીલતા લાવવા તેમજ અધિકારીઓને સારી કામગીરી માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯-૧-૦૯ ના ઠરાવ ક્રમાંક : નં.

ઈનમ/૧૦૨૦૦૮/૨/વસુતાપ્ર-૧ થી કર્મયોગી પુરસ્કાર યોજના અમલમાં મૂકવામાં આવી. જેનો અમલ વર્ષ : ૨૦૦૮ -૦૯ ના નાણાંકીય વર્ષથી કરવામાં આવેલ છે.

પુરસ્કાર મેળનાર અધિકારીશ્રી, જે જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા હોય તે જિલ્લાને રૂ.૨૦ લાખની રકમ જિલ્લાના વિકાસ માટે આપવામાં આવશે. આ રકમનો ઉપયોગ નીચેના હેતુઓ માટે કરી શકાશે.

(અ) વહીવટી સુધારણાને લગતા કોઈ પણ કામો જેવા કે નાગરિક સુવિધા કેન્દ્ર, વન ડે ગવર્નન્સ વગેરે.

(બ) કચેરી આધુનિકરણના કામો જેવા કે કચેરીની ભૌતિક સુવિધામાં વધારો, કચેરીના ઉપયોગ માટે ઉપકરણો વસાવવા વગેરે

(ક) માનવ સંશાધન વિકાસ અને તાલીમ જેમાં કર્મચારીઓમાં કર્મયોગી ભાવના કેળવવા, ટીમ ભાવના કેળવવા તેમજ આધુનિક જ્ઞાનથી સજ્જ કરવા શિબિરો યોજવી વગેરે

(ડ) કર્મચારી કલ્યાણ માટેની પ્રવૃત્તિ જેમ કે રમત ગમતના સાધનો ખરીદવા, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન, કર્મચારી/અધિકારીઓની પીકનીક વગેરે (આ કામો માટે જિલ્લાને મળેલ ઈનામની કુલ રકમના ૧૦ ટકાથી વધારે રકમ આ પ્રવૃત્તિ માટે વાપરી શકાશે નહી.)

(ઇ) ગ્રાંટ વપરાશનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે.

**૧૩ મું નાણાં પંચ**

પંચાયત, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસના વિભાગનાં તા.૧૦-૮-૨૦૧૦ નાં ઠરાવ ક્રમાંક : ટીએચએફસી/૧૦૨૦૧૦/૮૭૬/બ થી પંચાયતી રાજ સંસ્થાઓના નાંણાકીય આવકના સાધનો સંગીન બનાવવા ૧૩ મા નાણાંપંચ (૨૦૧૦-૧૫) ની ભલામણો અન્વયે સહાયક અનુદાન આપવામાં આવે છે.

આ અનુદાનનો ઉપયોગ નાગરિક સેવાઓની જાળવણી માટે કરવાનો રહેશે. આ સેવામાં શુધ્ધ પીવાના પાણી માટેની યોજના, સ્યુઅરેજ (ડ્રેનેજ), સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્ટ્રીટ લાઈટના કામોનો સમાવેશ થાય છે. અનુદાનની રકમ ઉપરના કામો માટે, કામના પ્રમાણ અને જરૂરીયાત અનુસાર ફાળવણી કરવાની રહેશે. કોઈપણ કામ રૂા. ૫૦ લાખથી વધારે રકમનું લઈ શકાશે નહીં.

આ અનુદાનમાંથી કર્મચારીઓના પગાર ભથ્થા, આકસ્મિક ખર્ચ, સ્ટેશનરી ખર્ચ કે પ્રવાસ ભથ્થા જેવા અન્ય કામો માટે ખર્ચ કરી શકાશે નહીં.

**બારમી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૧૦૧૬)**

સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૦-૨૦૧૦ના તથા ૨૧/૦૫/૨૦૧૧ પત્ર ક્રમાંક : વવય/૧૦૨૦૧૦/૭૮૦/જ મુજબ બારમી પંચવર્ષીય યોજનાના એપ્રોચ પેપરમાં નીચેના મુદ્દા સમાવિષ્ટ કરવાના રહે છે.

(૧) નાગરિકોની અપેક્ષાઓ
(૨) વહીવટ અને સંસ્થાઓ
(૩) બજાર
(૪) વૈશ્વિક ઘટનાઓ
(૫) વસ્તીશાસ્ત્ર અને કૌશલ્ય
(૬) વિજ્ઞાન અને ટેકનોલોજી
(૭) માહિતી
(૮) જમીન હવામાન અને વાતાવરણ

(૯) ઈનોવેશન એન્ડ એન્ટરપ્રાઈઝ (નાવિન્ય અને સાહસ)
(૧૦) આયોજન માટે નાણાં ઉપલબ્ધિ

ઉપરોકત તમામ વિગતો ધ્યાને લઈ, પ્રાંત અધિકારીશ્રીની અધ્યક્ષતામાં તાલુકા ટીમ ધ્વારા તાલુકા થીમ આધારિત તાલુકાનો વિકાસ પ્લાન તૈયાર કરવાનો રહેશે.